**બિડાણઃ**ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૮.૧૧.૨૦૨૪નો ઠરાવ ક્રમાંક :– પગર / ૧૦૨૦૨૪/ ઓ–૩૬૦/ પગાર એકમ (ચ)

**વિષયઃ** સાતમા પગાર પંચના પગારને ધ્યાને રાખીને ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) ચૂકવવા બાબત...

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ ચાર્જ એલાઉન્સ /**૧૦૮૬૨-૯૧૫**/૨૦૨૪** **તાઃ** ૧૦**/ ૧૨ /૨૦૨૪**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂં</u> :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૮.૧૧.૨૦૨૪ના ઠરાવ ક્રમાંક :– પગર / ૧૦૨૦૨૪ / ઓ–૩૬૦ / પગાર એકમ (ચ) માં જણાવ્યાનુસાર અમલવારી કરવા સારુ.

નકલ રવાનાઃ– અત્રેની કચેરીની અ–૨ .૪ શાખા તરફ જાણ તેમજ ઠરાવમાં જણાવ્યાનુસારની કાર્યવાહી કરવા સારુ.

**સાતમા પગાર પંચના પગારને ધ્યાને રાખીને ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) ચૂકવવા બાબત**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૨૪/ઓ-૩૬૦/પગાર એકમ (ચ)**

સચિવાલય, ગાંધીનગર

**તા.૦૮/૧૧/૨૦૨૪**

**વંચાણે લીધા :**

(૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૯-૭૬-પગાર એકમ, તા.૦૩/૧૦/૨૦૧૨

(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૯-૩૮૯-ચ, તા.૦૯/૦૨/૨૦૧૫

(૩) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨

(૪) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ તા.૧૯/૦૮/૨૦૧૬

## આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ અન્વયે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) છઠ્ઠા પગારપંચના પગાર ધોરણ મુજબ મંજૂર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૪) થી રાજ્ય સરકાર દ્વારા સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. જેની જોગવાઈ મુજબ મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ છઠ્ઠા પગાર પંચના પગારને ધ્યાને રાખીને તેમજ તે સમયે અમલી દર મુજબ જ ચૂકવાનું સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ હતું. રાજ્ય સરકાર દ્વારા ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) સાતમા પગારપંચના પગાર મુજબ ચૂકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

૨. રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણા બાદ હાલમાં અમલમાં રહેલ ચાર્જ એલાઉન્સના દર તેમજ અન્ય લાગુ પડતી જોગવાઈઓ યથાવત રાખીને તેની ગણતરીના હેતુ માટે સાતમા પગાર પંચના લાગુ પડતા પે મેટ્રીક્સ હેઠળ મળતા બેઝિક પગાર/સંભાવી પગાર (Presumptive Pay) ને ધ્યાને રાખીને ચાર્જ એલાઉન્સ (ખાસ પગાર)ની ચૂકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

૩. આ ઠરાવના અમલ સંદર્ભે "બેઝિક પગાર" એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ માં વ્યાખ્યા કર્યા મુજબનો બેઝિક પગાર ગણવાનો રહેશે અને તેમાં નોન-પ્રાઈવેટ પ્રેક્ટિસિંગ એલાઉન્સ (NPPA), ખાસ પગાર કે અન્ય આવા કોઈ પગારનો સમાવેશ થશે નહીં.

૪. ચાર્જ એલાઉન્સ (ખાસ પગાર) ની મંજૂરી સંદર્ભેની અન્ય લાગુ પડતી જોગવાઈઓ તથા ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ માં દર્શાવેલ અન્ય જોગવાઈઓ પણ લાગુ પડશે.

૫. આ હુકમનો અમલ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે એટલે કે, ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ પહેલાં વધારાનો હવાલો સોંપવામાં આવેલ હોય અને હાલમાં હવાલો ચાલુ હોય તેવા કેસોમાં હવાલો સોંપ્યા તારીખથી તા.૦૭/૧૧/૨૦૨૪ સુધી છઠ્ઠા પગારપંચ મુજબ અને તા.૦૮/૧૧/૨૦૨૪ થી સાતમા પગારપંચના પગાર ધોરણ મુજબ ચાર્જ એલાઉન્સ (ખાસ પગાર) મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુલન, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ, પગાર એકમ, મ, ચ, પી, અ અને ઝ- શાખાઓ, નાણા વિભાગ
આઈટી કોર્ડીનેટર-નાણા વિભાગ- આ ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

-----------------------------

* પત્ર દ્વારા